# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


**તા.૧૯/૦૨/૨૦૨૫ બુધવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૬૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી, ૯૨ લીટર દેશી દારૂ, ૨૦૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮૯૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૦૦ બિયર ટીન, ૧ કાર અને ૧ સ્કુટર કબજે કર્યુ હતું.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૬૩/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૨૬૪/૨૦૨૫**

**ક્રાઇમ બ્રાન્ચઃ (૧)** નવરંગપુરા સ્વસ્તિક ચાર રસ્તા પાસે પ્રિન્સીસ લેન્ડ રોડ સ્વરા બોયઝ પી.જી.ખાતે રહેતા ઉમંગભાઈ હસમુખભાઈ શાહ (ઉ.વ.૩૦) (મૂળ વતન. "સિદ્ધ", ૯, પટેલ કોલોની રાજશક્તિ પાન પાર્લર સામે જામનગર) એ તા.૧૮/૦૨/૨૦૨૫ ના રોજ ક્રાઇમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે ઓગસ્ટ/૨૦૨૨ થી તા.૦૫/૧૦/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી રાહુલ અનિલ લીખા (રહે. ૪૦૧, ફેરમોન્ટ, રોડ નંબર-૧૫, ખાર (વેસ્ટ), મુંબઇ મહારાષ્ટ્ર) (૨) અજય ભરતભાઈ શાહ (રહે.૬૦૧, મયૂર પ્લોટ નંબર-૪૦ પ્રેસિડન્સી સીએચસી, એન.એસ.રોડ, પંજાબ નેશનલ બેન્ક પાસે, જે.વી.પી.ડી., વિલે પાર્લે (પશ્ચિમ), મુંબઈ)(૩) શાંતનું ધીરજ જૈન (રહે. ૫૦૧૩ ટી.વી.એચ. લંબિની સ્કવેર એપ્ટ્સ., ૧૨૭/એ, બ્રિકલિન રોડ, પુરસૈવક્કમ, કિલપોક, ચેન્નઈ તમિલનાડું) એ ભેગા મળી ઉમંગભાઈ શાહને તેમની સી વ્યુ કોફી એલએલપી વતી ખોટી હકીકતો જણાવી ઉમંગભાઈ શાહને ઉંચુ વળતર આપવાનો વિશ્વાસ અને ભરોસો આપી રોકાણ કરાવી, સામે નુકસાન કરતી આઉટલેટનું સંચાલન સોંપી ઉમંગભાઈ શાહ પાસેથી ૦૬ નવા આઉટલેટ ખોલવા પેટે રૂપિયા ૮૪,૮૬,૦૦૦/- તેમજ રૂપિયા ૧,૪૧,૯૦,૦૪૬/- રકમ જે ઉમંગભાઈ શાહએ ચાલુ ૦૪ આઉટલેટના ઉમંગભાઈ શાહના ઓપરેશન દરમ્યાન વર્કીંગ કેપીટલ તરીકે ખર્ચ કરેલ હતી અને રાહુલ લીખા નાઓએ તે ઉમંગભાઈ શાહને પરત ચુકવી આપવાની હતી તે ઉમંગભાઈ શાહને કુલ રૂપિયા ૨,૨૬,૭૬,૦૪૬/- નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. તેમજ અન્ય સાહેદ સાથે પણ રૂપિયા ૪૧,૪૬,૮૭૫/- રકમ મેળવી લઈ ઠગાઇ કરી છે. આ ગુનાની તપાસ ક્રાઇમ બ્રાન્ચ આર્થિક ગુના નિવારણ શાખા પો.સ.ઈ.શ્રી કે.બી.સરવૈયા ચલાવે છે.

**ક્રાઈમ બ્રાન્ચઃ (૨)** જયદિપભાઈ સ/ઓ ભીમજીભાઈ નાકરાણી (ઉ.વ.૩૮) (રહે. સહજાનંદ રેસીડન્સી કાઈઝન હોસ્પિટલ પાસે હેલ્મેટ ચાર રસ્તા મેમનગર) એ તા.૧૮/૦૨/૨૦૨૫ ના રોજ ક્રાઇમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે નવેમ્બર/૨૦૨૩ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન "માધવીસ બ્રિટીશ એકેડમી" ત્રીજો માળ, ઓફીસ નંબર-૩૫૫, એસ.વી.સ્કવેર, ન્યુ રાણીપ ખાતે આરોપી (૧) દર્શિલ સ/ઓ પ્રફુલચંદ્ર ભગવાનદાસ પટેલ (રહે. સ્મૃતિ એપાર્ટમેન્ટ ૨૬ કૃંતા પાર્ક સોસાયટી અખબારનગર બીઆરટીએસ બસ સ્ટેન્ડ સામે નવા વાડજ) અને (૨) જયમીનભાઈ સ/ઓ પ્રહલાદભાઈ પટેલ (રહે. પ્લોટ નંબર.૧૦૬૨/૦૧, સેક્ટર-૧૩-સી, મહાત્મા મંદિર રોડ, ગાંધીનગર) એ ભેગા મળી ભારતીય નાગરિકોને ન્યુઝીલેન્ડ ખાતેના વર્ક વિઝા, તેમજ ન્યુઝીલેન્ડ ખાતે ઉતર્યા પછી એરપોર્ટથી રહેવાના સ્થળ સુધી પહોચાડી તેઓને નોકરીની વ્યવસ્થા કરી અપાવવાની જવાબદારી સાથે વિઝા કરાવી અપાવવાનો વિશ્વાસ અને ભરોસો આપી એક વ્યક્તિના ૧૭,૦૦,૦૦૦/- થશે તેમ જણાવી ભારતીય નાગરિકોના ન્યુઝીલેન્ડ વર્ક પરમીટ વિઝા પેટે રોકડ તેમજ બેન્ક ટ્રાન્જેકશન દ્વારા જયદિપભાઈ નાકરાણીના સાત ગ્રાહકોના મળી કુલ રૂપિયા ૭૦,૯૦,૦૦૦/- મેળવી લઈ ન્યુઝીલેન્ડ વર્ક પરમીટ વિઝા નહીં કરાવી આપી તેમજ વિઝા પેટે આપેલ નાણાં પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ ક્રાઇમ બ્રાન્ચ આર્થિક ગુના નિવારણ શાખા પો.ઈ.શ્રી સી.બી.ગામીત ચલાવે છે.

**રખિયાલઃ** સગીરઅહેમદ ઇમ્તીયાઝઅહેમદ શેખ (ઉ.વ.૪૪) (રહે. રંગવાળી ચાલી મોનોગ્રામ મીલ પાછળ રખિયાલ) એ તા.૧૮/૦૨/૨૦૨૫ ના રોજ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૮/૨૦૨૩ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન રખિયાલ મચ્છી માર્કેટ અલ-અમીન જવેલર્સના માલીક (૧) અશરફભાઇ કાદરભાઇ મેમણ અને અશરફભાઇના પાર્ટનર (૨) ફિરોજ મેમણ (બન્ને રહે. મોહીબ-૨ ફ્લેટ ગાયત્રી સોસાયટી દાણીલીમડા) એ ભેગા મળી રૂપિયા ૧૦૦૦/- ના માસિક હપ્તા ભરી સોનાના દાગીનાની ડ્રો ની સ્કીમ પેટે તથા સોનાના દાગીના બનાવવા પેટે સગીરઅહેમદ શેખ પાસેથી તથા અન્ય વ્યક્તિઓએ પાસેથી મળી કુલ રૂપિયા ૭,૮૪,૦૦૦/- મેળવી લઈ ડ્રો નહી કરી તેમજ ભરેલ સ્કીમના પૈસા કે દાગીના નહી આપી દુકાન બંધ કરી નાસી જઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એમ.ગોહિલ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૬૫/૨૦૨૫**

**ચાંદખેડાઃ** હેમાલીબહેન વા/ઓ રાજેશભાઈ માધુ (રહે. રાધે બંગ્લોઝ વિભાગ-૧ ન્યુ સી.જી રોડ ચાંદખેડા) એ તા.૧૮/૦૨/૨૦૨૫ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૨/૨૦૨૫ થી તા.૧૮/૦૨/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનનો દરવાજો ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી લોખંડની તીજોરી/કબાટમાંથી સોના-ચાંદીના દાગીના મળી કિમત રૂપિયા ૧,૯૮,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.ડી.પરમાર ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૬૬/૨૦૨૫**

**મેઘાણીનગરઃ** બચ્ચન સ/ઓ કેશવસિંગ બઘેલ (રહે. આશીર્વાદ હોમ્સ ફલેટ હંસપુરા ગામ-નરોડા સ્માર્ટ સીટી-૩ પાસે નરોડા) એ તા.૧૮/૦૨/૨૦૨૫ ના રોજ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૨/૨૦૨૫ સાંજના ૫/૦૦ થી રાતના ૮/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન મેઘાણીનગર કિશોર સ્કુલ પાસે આવેલ સિંધી સોશીયલ હોલ ખાતેથી લેન્સ સાથેના કેમેરા નંગ-૨, બેટરી નંગ-૨, કેમરાનુ ચાર્જર, ફ્લેશ લાઇટ બેટરી સાથે, ફ્લેશ લાઇટના ચાર્જર, મેમરીકાર્ડ-૪ , કેમરાની એલ.ઇ.ડી. લાઇટ ચાર્જર સાથે, એલ.ઇ.ડી.લાઇટની બેટરી નંગ-૪, લેપટોપ ચાર્જર સહીત સામાન મળી કિમત રૂપિયા ૧,૪૨,૫૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એમ.ચાવડા ચલાવે છે.

**સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ–** **સમાચાર યાદી નં.૨૬૭/૨૦૨૫**

**વટવાઃ** હંસાબહેન વા/ઓ ભરતભાઈ પટેલ (ઉ.વ.૫૦) (રહે. યસ બંગ્લોઝ જગદિશ સોસાયટી સામે ઘોડાસર) તા.૧૮/૦૨/૨૦૨૫ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે ઘોડાસર જોગર્સ પાર્કથી આગળ આવેલ વિહત માતાના મંદિર નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક સ્કુટર ઉપર આવેલ બે પુરૂષ હંસાબહેન પટેલના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૭૫,૦૦૦/– ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ હંસાબહેન પટેલે વટવા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.બી.પરમાર ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૨૬૮/૨૦૨૫**

**શહેરકોટડાઃ** મેમ્કો ફ્રુટ માર્કેટ વિજયા બેંકની બાજુમાં અનાર એસ્ટેટ શેડ નંબર–૧૭ ખાતે રહેતા મોહનભાઈ શ્યામલાલ સોનીની સગીરા વયની પુત્રીએ અગમ્ય કારણસર તા.૧૮/૦૨/૨૦૨૫ બપોરના ૩/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતમાં લોખંડની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અશ્વિનભાઈ વિનોદભાઈ ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** ગોપાલભાઈ ભીખાભાઈ ગજેરા (ઉ.વ.૬૦) (રહે. સંસ્કાર ટેનામેન્ટ શુકન બંગલોઝ પાસે નિકોલ નરોડા રોડ નવા નરોડા) એ બિમારીથી કંટાળી તા.૧૭/૦૨/૨૦૨૫ બપોરના ૪/૩૦ વાગ્યાથી રાતના ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જતા સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી હરેશભાઈ જહાભાઈ ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી